# શહેરના અનેક અગ્રણીઓ આજે ‘આપ’માં જોડાશે

**કોંગ્રેસ સહિત અન્ય રાજકીય પક્ષો યોગ્ય વિકલ્પ પુરો પાડવામાં અક્ષમ રહેતા ‘‘ખાસ’’ નાગરિકોએ ‘‘આપ’’ને પસંદ કરી રહ્યાં છે : રાજકીય અસંતુષ્ટો પણ આપમાં જોડાતાં મનપાનો જંગ રોમાચંક બનશે**

ગાંધીનગર, તા. ૧૨

સુરત મહાનગરપાલિકામાં બેઠકો સાથે ગુજરાતમાં પહેલીવાર ચૂંટણી લડી રહેલી આમ આદમી પાર્ટીએ સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં નોંધપાત્ર દેખાવ કર્યો છે જેના પગલે સમગ્ર પાર્ટીમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. આ ઉત્સાહ સાથે આપ પાર્ટી આવતીકાલે તા. ૧૩મી માર્ચે અમદાવાદ ઝોન જેમાં ગાંધીનગરનો પણ સમાવેશ થાય છે તેનું એક મહાસંમેલન રાયસણ ખાતે યોજી રહી છે. આ સંમેલન સાથે આપ ગાંધીનગરમાં ભાજપને પડકાર આપવા સજ્જ બનશે કેમકે શહેરના કેટલાંક નોંધપાત્ર અગ્રણીઓ આપ સાથે જોડાઈ રહ્યાં છે.

ગુજરાતમાં ત્રીજી રાજકીય શક્તિ ચાલતી નથી તેવા અનુમાનોને ખોટા પાડવા સજ્જ બનેલી આમ આદમી પાર્ટી પ્રજાને કોંગ્રેસ કરતાં વધુ મજબૂત વિકલ્પ પુરો પાડવા સક્ષમ બનવા તરફ આગળ વધી રહી છે જે ભાજપને ભવિષ્યમાં ટક્કર આપી શકે છે. દિલ્હીથી જે રીતે આપની સરકારના કાર્યોની સુવાસ દેશભરમાં પ્રસરી રહી છે તેને અનુલક્ષીને શહેરના કેટલાંક અગ્રણીઓ જેમાં રાજકીય અગ્રણીઓ ઉપરાંત સામાજિક તથા સાંસ્કૃતિક સંસ્થાઓના અગ્રણીઓ પણ આપ પાર્ટી તરફ ખેંચાઈ રહ્યાં છે. કોંગ્રેસ જુની ઘરેડમાંથી બહાર આવીને જનતાની નાડ પારખી શકતી નથી તેથી તેનાથી નારાજ કાર્યકરો ઉપરાંત અસંતુષ્ટ કોંગ્રેસી નેતાઓ તો ‘આપ’ ભણી નજર કરી જ રહ્યાં છે.

પરંતુ તે સાથે સમાજના અનેક આગેવાનો તથા શહેરના સન્માનીય નાગરિકો જેઓ ભાજપની કિન્નાખોરી કે અહંકારનો ભોગ બની ચુક્યાં છે તેઓ પણ આમ આદમી પાર્ટીમાં જોડાઈ રહ્યાં છે. તાજેતરમાં આવા અગ્રણીઓએ ‘નાગરિક સમિતિ’ અથવા ’વિકાસ સમિતિ’ જેવો વિકલ્પ ઉભો કરવા પ્રયાસ કર્યો હતો પરંતુ તે સફળ ના રહેતા હવે તેમણે આપ પર પસંદગી ઉતારી છે જેના કારણે પાટનગરની મનપાની ચૂંટણીઓનો જંગ અત્યંત રસપ્રદ બનશે તે નક્કી છે.

# જિલ્લામાં ઉનાળુ પાકના વાવેતરનો ધીમી ગતિએ આરંભ, ૧૧ હજાર હેક્ટરમાં વાવેતર થયુ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં ઉનાળુ વાવેતરનો ધીમીગતિએ આરંભ થયો છે. જો કે ખરીફ ઉત્પાદનોના ભાવ ઓછા મળતાં ખેડૂતો ઉનાળુ વાવેતર માટે બહુ ઉત્સાહિત જણાતા નથી.

જિલ્લામાં ઉનાળુ વાવેતર ૬૦હજાર હેક્ટરની આસપાસ થતુ હોય છે. પિયતના ટાંચા સાધનો અને મોંઘા બિયારણોને લઈ ખેડૂતો ઉનાળુ વાવેતરમાં ઓછો રસ ધરાવતા જોવા મળ્યા છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં આજ સુધીમાં ૧૧ હજાર હેક્ટર વિસ્તારમાં ઉનાળુ પાકનું વાવેતર થયુ છે પરંતુ તેમાંથી ૬ હજાર હેક્ટર વિસ્તારમાં ઘાસચારાનું વાવેતર થયુ છે. જિલ્લામાં ખેતી સાથે પશુપાલન પણ વિકાસ પામેલ હોવાથી ઘાસચારાનું વાવેતર વધારે થશે તેમ મનાઈ રહ્યુ છે. જિલ્લામાં ઉનાળુ બાજરીનું વાવેતર ૩૧૮૩ હેક્ટરમાં થયુ છે. જયારે મગફળીનું વાવેતર ૩૭ હેક્ટરમાં, તલનું વાવેતર ૨ હેક્ટરમાં થયુ છે.

● અનુસંધાન પાન-૭ પર



ઉનાળાની શરૂઆતમાં વારંવાર વાતાવરણમાં પલ્ટો આવી રહ્યો છે. કયારેક ખૂબ જ તડકો પડે છે તો કયારેક વહેલી સવારે વાતાવરણમાં હજુ થોડીક ઠંડક અનુભવાય છે. દિવસ ધીમે ધીમે લાંબો થઈ રહ્યો છે. સવારે આઠ વાગતા જ તડકો આકરો થવા માંડે છે. દિવસે તો એટલો બધો આકરો તડકો પડે છે કે ઘરની બહાર નીકળવાની માંડ ઈચ્છા થાય છે.

# શહેર-જિલ્લામાં કોરોના પુનઃ વકર્યો : નવા ૧૮ કેસ

**ગાંધીનગર તાલુકામાં કોરોના બેકાબુ બનતા વધુ ૭ કેસ નોંધાયા : કલોલમાં એક કેસ નોંધાયો : સે. ૩માં બે કેસ ઉપરાંત સે. ૨, ૪, ૫, ૭, ૧૬, ૧૭, ૨૨ અનો ૨૭માંથી કેસ મળ્યા**

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના આજે વધુ ૧૮ કેસ નોંધાયા છે. જિલ્લામાં છેલ્લા સપ્તાહથી કેસોમાં જે વૃદ્ધિનો ટ્રેન્ડજોવા મળી રહ્યો છે તેને લઈ તંત્રની ચિંતામાં વધારો થયો છે.

જિલ્લામાં આજે ગ્રામ્ય વિસ્તારમાં સતત બીજે દિવસે કોરોનાના ૮ કેસ નોંધાયા છે. ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસો જે રીતે મળી રહ્યા છે તેનાથી તંત્ર પણ ચિંતામાં ગરકાવ થઈ ગયુ છે.

ગાંધીનગર તાલુકામાં સતત બીજે દિવસે સાત કેસો મળી આવ્યા છે. કલોલમાં પણ આજે એક કેસ મળી આવેલ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા ૮ કેસમાં ૩ મહિલા દર્દીનો સમાવેશ થાય છે. જે રીતે મહિલા દર્દીઓના કેસો સામે આવી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા ૮ કેસમાંથી ૪ ને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

ગાંધીનગર તાલુકાના કુડાસણ ગામેથી ૩ કેસ ઉપરાંત મોટી શિહોલી, કોબા, ખોરજ અને સરગાસણમાંથી કેસ મળી આવેલ છે.

કલોલ તાલુકાના બોરીસણા ગામેથી ૩૧ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૭ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૪૧૭૨ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૪૨ દર્દીઓ આજે એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૭૪૭ વ્યક્તીઓને હોમ ક્વોરોનાટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાંથી આજે એક જ દિવસમાં એક મહિના પછી એક સાથે દસ કેસ કોરોનાના કેસ મળી આવતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે.

શહેરમાં આજે નોંધાયેલ કેસોમાં બે મહિલા દર્દીઓ અડધો અધડ જેટલા દર્દીઓ મોટીવયના છે જેણે તંત્રની ચિંતા વધારી છે.

શહેરમાં સંક્રમિત થનારાઓમાં એક સિનીયર ઓડિટર ઉપરાંત ત્રણ કર્મયોગી અને એક વિદ્યાર્થીનો સમાવેશ થાય છે.

શહેરમાં આજે સે. ૩ માંથી ૨ કેસ મળી આવવા ઉપરાંત સે. ૨, ૪, ૫, ૭, ૧૬, ૧૭, ૨૨, ૨૭માંથી કેસ મળી આવેલ છે. આજે નોંધાયેલ કેસોમાં એક દર્દીને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

શહેરમાં આજે વધુ ૪ દર્દીઓ રિકવર થતાં તેમનો ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. કોરોના માટે સંવેદનશીલ બનેલ વિસ્તારોમાંથી જે રીતે કેસો સામે

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લા પંચાયતના જંગમાં ભાજપે કોંગ્રેસ કરતાં ૩૦ હજાર વધુ મત મેળવ્યા

**કોંગ્રેસે ૨૦૧૬ ની તુલનામાં ૩ ટકા મત ગુમાવ્યા : અપક્ષોએ ૨.૨૦ ટકા મત મેળવી પરિણામો પર અસર કરી**

ગાંધીનગર, તા. ૧૨

૨૦૧૬ની પંચાયતોની સામાન્ય ચૂંટણીમાં ભાજપને મળેલ મતોની તુલનામાં ૬૪,૯૮૪ મત ૨૦૨૧ના જંગમાં વધુ મળ્યા છે.

ચૂંટણી વિશ્લેષકોના મત અનુસાર ગાંધીનગર જિલ્લામાં ભાજપનો જનાધાર વધ્યો છે. ૨૦૧૬ના ચૂંટણી જંગમાં ૩૫.૫૫ ટકા મત ભાજપને મળેલ મતોના સાપેક્ષમાં મળ્યા હતા. જ્યારે ૨૦૨૧માં ભાજપનો ૨,૫૨,૯૪૭ મત મળ્યા છે. જે મળેલા મતોના સાપેક્ષમાં ૫૦.૫૦ ટકા થાય છે.

કોંગ્રેસના મતોમાં ૨૦૧૬ની તુલનામાં ૩.૫૦ ટકા જેટલો ઘટાડો નોંધાયો છે. કોંગ્રેસ પક્ષે ૨૦૧૬ માં ૨,૫૩,૧૨૪ કુલ મતો મળેલ મતોમાંથી મળ્યા હતા. આ વખતે ૨,૨૨,૨૪૩ મત થયેલ મતદાનમાંથી મળ્યા છે.

કોંગ્રેસ અને ભાજપ વચ્ચે મળેલા મતોની સંખ્યામાં ૩૦,૭૦૪ મતોનો તફાવત છે. જ્યારે મળેલ મતની ટકાવારીમાં ૬ ટકાનો તફાવત જોવા મળે છે.

૨૦૧૬ની તુલાનામાં આ વખતના જંગમાં અપક્ષ ઉમેદવારોએ ૨.૨૦ ટકા મત મેળવ્યા છે. આમ આદમી પાર્ટીએ પણ ૦.૫૬ ટકા જેટલા મત મેળવ્યા છે.

ભાજપે મતો ૩૦ હજાર વધુ મેળવી ૧૪ બેઠકો કોંગ્રેસ પાસેથી આંચકી છે.

વિસર્જીત જિલ્લા પંચાયતમાં કોંગ્રેસ પાસે ૨૪ બેઠકો હતી અને ભાજપ પાસે ૧૬ બેઠકો હતી એક બેઠક સભ્યના અવસાનથી ખાલી પડી હતી. વિસર્જીત પંચાયતમાં ભાજપે એક બેઠક બિનહરિફ મેળવી હતી.

જિલ્લા પંચાયતની ચૂંટણીના પરિણામો જાહેર થઈ ગયા છે પણ બન્ને પક્ષો વચ્ચે ટકાવારીમાં ૬ ટકાનો ફેર છે અને મતોના આંકડામાં ૩૦ હજાર જેટલા મતોનો ફેર છે એટલે ભાજપ અને કોંગ્રેસ બન્નેને મતદારોએ આવકારો કે જાકારો એટલો આપ્યો નથી તેમ રાજકીય વિશ્લેષકો કહી રહ્યા છે.

# પોકસો કોર્ટે કલોલના આરોપીને ૧૦ વર્ષની કેદની સજા ફટકારી

ગાંધીનગર તા ૧૨

કલોલમાં સગીરાને લગ્ન કરવાની લાલચ આપી જારકર્મ કરવાના ઈરાદે કાયદેસરના વાલીપણાંમાંથી સગીરાનુ અપહરણ કરી જવાના કેસમાં ગાંધીનગર કોર્ટે આરોપીને ૧૦ વર્ષની સખત કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર કલોલમાં ૧૭ વર્ષીય સગીરાને લગ્ન કરવાની લાલચ આપી અપહરણ કરવાના કેસ ગાંધીનગરની સ્પે પોકસો કોર્ટમા ચાલી જતા સરકારી વકીલ તરીકે સુનિલ પંડયાએ દલીલો કરી હતી. જે દલીલો અને પુરાવાને ધ્યાને રાખી જજ કે એમ સોજીત્રાએ આરોપી વિપુલ ઉર્ફે વિશાલ વિશ્રામસિંહ ચૌહાણ રહે કલોલને ૧૦ વર્ષની સખત કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે. આ ઉપરાંત આરોપીને રૂ ૮ હજારનો દંડ ભોગવવા પણ આદેશ કર્યો છે.

# શહેરમાં સ્ટ્રીટ લાઈટના થાંભલા હજુ પણ કંગાળ અને ભયજનક હાલતમાં

**કલરકામમાં પણ અમુક થાંભલા છોડી દેવાતા સ્થાનિકોમાં રોષ : સેકટરોમાં નવા પોલ્સ નાંખવા માટે પણ રજુઆત**

ગાંધીનગર તા ૧૨

શહેરના સેકટરોમાં સ્ટ્રીટ લાઈટના થાંભલાઓને કલરકામ કરવાનુ કામ યોગ્ય રીતે ન થતુ હોવાનો આક્રોશ ઉઠવા પામ્યો છે. સ્ટ્રીટ લાઈટનુ ફીટીંગ પણ જુનુ હોવાથી બંધ થાંભલાને રંગરોગાન કરી દેવાય છે. પરંતુ સમારકામ હાથ ધરાતુ નથી જયારે જુના અને જોખમી થાંભલા બદલવાની કામગીરીમાં પણ વિલંબ થઈ રહ્યો છે. જેના લીધે સેકટરવાસીઓમાં રોષ પ્રવર્તયો છે.

શહેરના સેકટરોમાં સ્ટ્રીટ લાઈટના થાંભલાઓને કલર કરવાનુ કામ પણ હાથ ધરવામાં આવ્યુ છે. વર્ષોના અંતે કટાયેલા અને કંગાળ સ્ટ્રીટ લાઈટના પોલ્સને રંગરોગાન કરવામાં આવી રહ્યુ છે. સેકટરોમાં એકબાજુ નવા થાંભલા નાંખવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે. ત્યારે જુના અને કંગાળ થાંભલાને કલરકામ કરવા માટે પણ સેકટરોમાં કામ હાથ ધરાયુ છે. શહેરમાં અંદાજિત ૧૮ હજાર જેટલા થાંભલા છે. જયારે આ પૈકી મોટાભાગના કટાયેલી અને કંગાળ હાલતમાં છે. દાયકાઓ જુના થાંભલાની જાળવણી માટે વર્ષોના અંતે કલરકામ કરવામાં આવી રહ્યુ છે. બીજીતરફ સેકટરોમાં કેટલાક ઠેકાણે થાંભલાઓમાં લાઈટનુ ફીટીંગ પણ નવુ ફીટ કરવાની અનિવાર્યતા છે. જેના લીધે સેકટરોમાં ઘણાંખરા થાંભલાબંધ હાલતમાં છે. હાલ સેકટરોમાં હાથ ધરાયેલા કલરકામ દરમિયાન કેટલાક પોલ્સને કલર થતો નથી જેના લીધે રહીશો પણ વારંવાર આ મામલે તંત્ર સમક્ષ રજુઆત કરે છે.

આ ઉપરાંત લાંબા સમયથી બંધ સ્ટ્રીટ લાઈટના થાંભલા ચાલુ થાય તે માટે પણ સ્થાનિકો દ્વારા રજુઆત કરવામાં આવી રહી છે. પરંતુ હજુ સુધી તેમની ફરિયાદોનુ નિરાકરણ આવતુ નથી. આ સ્થિતિ વચ્ચે સેકટરોમાં વર્ષો જુના થાંભલા દુર કરી નવા થાંભલા નાંખવા માટે પણ સ્થાનિકો માંગણી કરી રહ્યા છે. અગાઉ સે-૬ માં સ્ટ્રીટ લાઈટના નાવા પોલ્સ નાંખવામાં આવ્યા હતા જયારે આ વેળાએ સે-૩ માં પણ નવા પોલ્સ નાંખવા માટે સ્થાનિકોએ રજુઆત કરી હતી પરંતુ આ મામલે હજુ સુધી કોઈ આયોજન કરાયુ નથી.

PUBLIC ANNOUNCMENT
(Regulation 31 of the Insolvency and Bankruptcy Board of India (Liquidation Process), Regulations, 2016.
FOR THE ATTENTION OF THE STAKEHOLDERS OF DBS AFFORDABLE HOME STRATEGY LIMITED

Notice is hereby given that Hon'ble National Company Law Tribunal, Ahmedabad Bench has ordered the commencement of Liquidation of DBS Affordable Home Strategy Limited on 03.12.2020 by an order no IA 770 of 2020 in CP(IB) – 304/2019. A List of Stakeholder(s) has been filed before, Registrar, Hon'ble NCLT Ahmedabad Bench.

Date: 12.03.2021
Place: Ahmedabad


sd/-
Pinakin Shah (Liquidator)
(IBBI/IPA-002/IP-N00106/2017-18/10248)
DBS Affordable Home Strategy Limited
(Under Liquidation)

# સે-૨૯ માં હરિયાળીના ભોગે નવા ટાવરો ઉભા કરવા સામે સ્થાનિકો આગ બબુલા

**સેક્ટરમાં વર્ષો જુના આંબાના વૃક્ષોનો સોથ વાળી નવા મકાનો ન બાંધવા માટે સ્થાનિકોની રજુઆત : નવા આવાસો બાંધવા માટે એક જ સેકટરના બદલે અન્ય જગ્યા પસંદ કરવા પણ માંગ**

ગાંધીનગર તા ૧૨

શહેરના સે-૨૯ માં નવા સરકારી આવાસો બાંધવા માટે આયોજન કરાયુ છે. છેલ્લા ઘણાં સમયથી શહેરમાં નવા મકાનો બાંધવા માટે સ્થળ પસંદગીની પ્રક્રીયા અટવાઈ હતી. જયારે થોડા દિવસો અગાઉ જ સેકટરમાં જયાં નવી ટાવર કોલોની બાંધવામાં આવી છે તેની સામે જ નવા ટાવરો બાંધવા માટે નિર્ણય લેવાયો છે. ત્યારે સેકટરમાં નવા આવાસો બાંધવાના મામલે સ્થાનિકોમાં વિરોધ સાથે રોષની લાગણી વ્યાપી છે. સેકટરમાં અગાઉ પણ હરિયાળીની સોથ વળ્યો છે. ત્યારે નવા આવાસો બાંધવાની કામગીરી દરમિયાન આંબાના સેંકડો વૃક્ષોનુ નિકંદન વળે તેવી દહેશત છે. આંબાવાડી નષ્ટ કરી નવા ટાવરો બાંધવાની કામગીરી બંધ રાખવા માટે સ્થાનિકોએ ઉગ્ર રજુઆત કરી છે.



શહેરમાં વિકાસ કામોના નામે અનેકવાર વૃક્ષોની કટોતી થાય છે. સેકટરોમાં નવા બિલ્ડીંગો તેમજ મુખ્યમાર્ગોના વાઈડનીંગના લીધે પણ હરિયાળીનો સોથ વળે છે. અગાઉ પણ સે-૨૨ માં માર્ગ વાઈડનીંગની કામગીરી દરમિયાન વૃક્ષોની કટોતી કરવાના નિર્ણય સામે પ્રકૃતિ પ્રેમીઓએ આંદોલન કરી વૃક્ષોને બચાવી લીધા હતા

● અનુસંધાન પાન-૭ પર

# મંજૂરી વગર કોંગ્રેસની દાંડીકૂચ, ચાવડા, ધાનાણી સહિત ઘણાની અટકાયત

અમદાવાદ,તા.૧૨

એક બાજુ અમદાવાદમાં આઝાદીના અમૃત મહોત્સવની શરૂઆત કરાવવા અને દાંડી કૂચને પ્રસ્થાન કરાવવા માટે પીએમ મોદી આજે અમદાવાદની મુલકાતે હતા. કાર્યક્રમ પૂરો થતા જ કોંગ્રેસની પણ એક દાંડી કૂચનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આ વખતે ટ્રેક્ટરને પણ સામેલ કરાયા હતા. જો કે પોલીસ દ્વારા આ દાંડી કૂચને મંજૂરી આપવામાં આવી નહતી. આમ છતાં કોંગ્રેસ પોતાની આ દાંડી કૂચ માટે મક્કમ હતી અને ર કોંગ્રેસના પ્રદેશ કાર્યાલય પર કાર્યકરો અને નેતાઓનો જમાવડો થવા લાગ્યો. મંજૂરી વગર કોંગ્રેસે દાંડી યાત્રા કાઢવાનો પ્રયત્ન કરતા કાર્યકરો અને નેતાઓનું પોલીસ સાથે ઘર્ષણ થયું. અનેક લોકોની અટકાયત કરવામાં આવી છે.

કોંગ્રેસ કાર્યાલયથી દાંડી યાત્રા કાઢીને ગાંધી આશ્રમ તરફ જવા માટે કોંગ્રેસના કાર્યકરો અને નેતાઓ નીકળ્યા હતા. અમિત ચાવડા, પરેશ ધાનાણી, કેટલાક મહિલા નેતાઓ અને કાર્યકરો એલિસ બ્રિજ સુધી પહોંચી પણ ગયા. પણ પરેશ ધાનાણીને વીએસ હોસ્પિટલ પાસે અટકાવી લેવાયા. જયારે કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા સિદ્ધાર્થ પટેલની પણ એલિસ બ્રિજથી જ અટકાયત કરી લેવાઈ. અનેક કાર્યકરોને ટીંગાટોળી કરીને લઈ જવાયા. મહિલા નેતા પ્રગતિ આહિરનું પણ પોલીસ સાથે ઘર્ષણ થયું. પોલીસ અને કોંગ્રેસ કાર્યકરો વચ્ચે ઘર્ષણ થવાના કારણે એક કોંગ્રેસ કાર્યકરની તબિયત લથડી છે.

કાર્યકર બેભાન થઈ ગયા છે. કાર્યકરને સારવાર માટેની તજવીજ હાથ ધરાઈ છે. કોંગ્રેસ આજના દિવસે દાંડી કૂચ કાઢવા માટે મક્કમ હતી જેના પગલે ગુજરાત કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાને ગાંધીનગર એમએલએ ક્વાટર ખાતે નજરકેદ કરવામાં આવ્યા હતા. આ સિવાય અન્ય નેતાઓને પણ નજરકેદ રાખવામાં આવ્યા હતા. કોંગ્રેસે ટ્રેક્ટર રેલી માટે એકઠા કરેલા ટ્રેક્ટરના ટાયરની હવા કાઢી નાખવામાં આવી. યાત્રા માટે એકઠા કરાયેલા સામાનમાં તોડફોડ કરવામાં આવી.

बड़ौदा ग्लोबल शेयर्ड सर्विसेज
Baroda Global Shared Services
(Wholly Owned Subsidiary of Bank of Baroda)
Regd. Office - 5th Floor, Baroda Sun Tower, C-34, G Block, Bandra Kurla Complex, Bandra (E), Mumbai 400 051

RECRUITMENT

Applications are invited from eligible candidates for the following positions with Baroda Global Shared Services Ltd. At GIFT City, Gandhinagar / Vadodara:

| Department | Designation | Location | Experience |
|---|---|---|---|
| Contact Centre | Asst. Vice President / Dy. Vice President - Operations | Gandhinagar | 12 - 17 Years |
| Global Trade Services | Asst. Vice President / Dy. Vice President | Gandhinagar | 12 - 17 Years |
| Global Trade Services | Asst. Manager / Dy. Manager / Manager - (Customer Owner) | Gandhinagar | 4 - 9 Years |
| Global Trade Services | Asst. Manager / Dy. Manager / Manager (Checkers) | Gandhinagar | 2 - 7 Years |
| Retail Assets - CPC | Asst. Manager / Dy. Manager / Manager (Checkers) | Gandhinagar | 2 - 7 Years |
| Learning & Development (HR) | Asst. Manager / Dy. Manager - Training | Gandhinagar | 3 - 6 Years |
| Information Technology | Software Engineer | Gandhinagar | 2 - 5 Years |
| ATM Monitoring | Executives / Senior Executives | Vadodara | 2 - 5 Years |

For further details on the above please visit the Careers section on www.bgss.in Addendum / Modifications, if any, shall be notified only on **www.bgss.in**. Applicants should refer to the same before submission of their application by e-mailing their resume on **recruitment@bgss.in**.
**Last date for above positions is 30th April 2021.**
Place: GIFT City, Gandhinagar
Date: 15th March, 2021
Sd/-
Head-Human Resources
Baroda Global Shared Services Ltd
BGSS/HR/2020-21/03

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com